ગાંધીનગર સમાચાર

# બંધના એલાનને પગલે ગાંધીનગર પોલીસ એલર્ટ





ડોર ટુ ડોર પ્રચાર - મહાનગરના મહાસંગ્રામના આડે માત્ર છ જ દિવસ બાકી છે ત્યારે ચૂંટણી પ્રચાર વધુ આક્રમક બની રહ્યો છે... રવિવારની રજાનો બંને પક્ષોએ ભરપૂર ઉપયોગ કરી ડોર ટુ ડોર પ્રાચર અભિયાન ઘનિષ્ઠ બનાવ્યું હતું... ૪૦ ડિગ્રીના તાપમાનમાં પણ ઉમેદવારો ઘરે ઘરે જઈ મતદારોનું અભિવાદન ઝીલતા હતા... (તસવીર : કશ્યપ નિમાવત)

## શહેરમાં કોંગ્રેસના પ્રચાર મંડપો હટાવાતા હોબાળો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકામાં ચૂંટણી પ્રચારની ઝુંબેશ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે ત્યારે આજે આદર્શ આચાર સંહિતાના અમલ માટે તંત્ર પણ હરકતમાં આવ્યું છે.

સરકારી જગ્યા પર રાજકીય પક્ષોએ ઉભા કરેલા મંડપને આજે દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. સે-૨, ૪ સહિત વિવિધ સેકટરોમાં બાંધેલા મંડપો દૂર કરતાં રાજકીય હોબાળો મચી જવા પામ્યો છે.

### અમારા પક્ષને જ નિશાન બનાવી મંડપ દૂર કરાયા : ડૉ. કૌશિક શાહ

કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા માત્ર તેમના પક્ષને જ નિશાન બનાવી અને આ મંડપો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બાબતે સંબંધિત અધિકારીઓને રજૂઆત કરતાં ૬ વાગી ગયા હોઈ કાલે આગળની કાર્યવાહી થશે તેમ કહી કાર્યવાહી ટાળવાના પ્રયાસો કરાયા છે.

### તંત્ર પક્ષાપક્ષીથી દૂર છે અને તટસ્થ કાર્યવાહી થશે : પાડલિયા

તંત્ર એ આજે વોર્ડ નં. ૮માં

● અનુસંધાન પાન-૭ પર

## બંધના એલાનને પગલે ગાંધીનગર પોલીસ એલર્ટ

### માણસા-કલોલ સહિતના જે વિસ્તારોમાં અગાઉ તોફાનો થયા હતા તે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો ખાસ બંદોબસ્ત : મહેસાણા થયેલા તોફાનમાં ગાંધીનગરના ચાર પાટીદાર યુવાનો ઘવાયા

ગાંધીનગર, તા.૧૭

પાટીદાર અનામત આંદોલન ફરીવાર ઉગ્ર બન્યું છે. મહેસાણામાં આજે પાસ દ્વારા જાહેર કરાયેલા જેલ ભરો આંદોલનમાં પોલીસ-પાટીદારો આમને-સામને આવી ગયા હતા અને મહેસાણામાં તોફાન થયા બાદ સુરત-અમદાવાદ સહિતના વિસ્તારોમાં છમકલા શરૂ થઈ ગયા હતાં. ઈન્ટરનેટ સેવાઓ પણ અસરગ્રસ્ત જિલ્લાઓમાં બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બીજી તરફ સોમવારે ગુજરાત બંધનું એલાન અપાયું...! ગાંધીનગરમાં સદભાગ્યે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી પરંતુ તકેદારીના ભાગરૂપે સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે.

મહેસાણામાં જેલ ભરો આંદોલન દરમિયાન થયેલા તોફાન બાદ વિવિધ જિલ્લાઓમાં તોડફોડ, બસ સળગાવવી સહીતના બનાવો શરૂ થઈ જતાં માહોલ ફરી ગરમાયો છે. તોફાનો બાદ એસ.પી.જી. દ્વારા ૧૮ તારીખે સોમવારે ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યુ છે. બંધના એલાન અને તોફાનોને પગલે ગાંધીનગર પોલીસ એલર્ટ થઈ ગઈ છે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારીના ભાગરૂપે જરૂરી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અગાઉ થયેલા પાટીદાર આંદોલનમાં કલોલ અને માણસા ઉપરાંત ભાટ નજીકના વિસ્તારમાં તોફાનો થયા હતા. આ વિસ્તારોમાં કોઈ બનાવ ન બને તેની ખાસ તકેદારી માટે વિશેષ પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. નોંધનીય બાબત છે કે મહેસાણામાં આજે થયેલા તોફાનમાં ગાંધીનગરના એસ.પી.જી. ગૃપના ચાર યુવાનો ઘાયલ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તે જે વિસ્તારોમાં રહે છે તે વિસ્તારોમાં પણ પોલીસની ખાસ વૉચ રહેશે.

## પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તંત્રને કડક તાકીદ કરતા કલેક્ટર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ આજે સાંજે જિલ્લાના અધિકારીઓની એક તાકીદની બેઠક બોલાવી મહેસાણાના બનાવોને પગલે ગાંધીનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

આજે આ બેઠકમાં પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ ખાસ કરીને હાઈવે પર પેટ્રોલિંગ વધારવા સહિતની સૂચનાઓ આપવામાં આવી છે.

જે વિસ્તારો સંવેદનશીલ જણાય ત્યાં તાત્કાલિક અસરથી રાત્રિ રૂટોનું સંચાલન નહિ કરવાની સૂચના પણ આપવામાં આવી છે એટલુ જ નહિ રાત્રે બસોને એસ.ટી. સ્ટેન્ડ પર પરત લઈ આવવા માટે પણ જણાવાયું છે.

જિલ્લા કલેકટરશ્રીએ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ સઘન કરવા તેમજ આવા વિસ્તારો પર વધુ સતર્ક બની નજર રાખવા સૂચના આપવામાં આવી છે.

મહેસાણાની ઘટનાઓ પછી જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી પણ પોલીસને એલર્ટ રહેવા માટેની તાકીદ કરી દેવામાં આવી છે.

આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર શ્રી કાલરિયા, પ્રાંત અધિકારી કલોલ, પ્રાંત અધિકારી ગાંધીનગર તેમજ ચારેય તાલુકાના મામલતદારો અનો અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો પણ ગગડયો



(તસવીર : કશ્યપ નિમાવત)

### સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના અંતે મહત્તમ તાપમાન નીચુ આવતા નગરજનોએ રાહત અનુભવી

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ગરમીના પારાની ચઢ ઉતર વચ્ચે આજે ફરિએકવાર વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન પણ ઘટયુ હતુ. મહત્તમ તાપમાનનો પારો ૩૯ ડી ગ્રીએ સ્થિર થયો હતો. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ ગરમીમાં પણ રાહત અનુભવી હતી.

ગાંધીનગરમાં રાજકીય ગરમાવાના માહોલ વચ્ચે ગરમની મોસમ પણ નિખરી છે. બે દિવસ અગાઉ ગરમીનો પારો ૪૧ ડી ગ્રીએ પહોંચી જતા અત્યારસુધી સિઝનની રેકર્ડ બ્રેક ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે ધીમે ધીમે ગરમીનુ જોર વધતા નગરજનો અંગ દઝાડતી ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. જો કે ગરમીનો મિજાજ યથાવત ન રહેતા મહત્તમ તાપમાનમાં સતત વધ ઘટ જોવા મળી રહી છે. ત્યારે બે દિવસના અંતે આજે અચાનક જ વાતાવરણમા નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળોના ઘેરાવા સાથે વાદળિયુ વાતાવરણ સર્જાતા ગરમીનો પારો પણ નીચે ઉતર્યો હતો. આજે લઘુત્તમ તાપમાન ૩૯ ડી ગ્રી રહયુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૬૨ ટકા અને સાંજે ૨૦ ટકા નોંધાયુ હતુ. વાદળિયા વાતાવરણના લીધે ગરમીનો પારો ગગડતા આકરી ગરમીથી ત્રસ્ત શહેરીજનોએ આજે રજાના દિવસે રાહત અનુભવી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## શહેરમાં ભાજપ-કોંગ્રેસના ૧૦૦થી વધુ ધારાસભ્યો પ્રચારમાં જોડાયા

### રાજ્ય મંત્રીમંડળના સભ્યોને પણ સેક્ટરોની જવાબદારી સોંપાઈ પ્રદેશ કોંગ્રેસના નેતાઓને પણ સેક્ટરોની જવાબદારી સોંપાઈ બધા હરિફોએ આક્રમક પ્રચાર અભિયાન હાથ ધર્યુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીની આડે હવે એક સપ્તાહ જેટલો સમય માંડ બાકી રહ્યો છે ત્યારે બન્ને પક્ષો દ્વારા ૧૦૦થી વધુ ધારાસભ્યો અને ચુનંદા કાર્યકરોની ટીમો ગાંધીનગરના સેક્ટરોને ખુંદવા મેદાને ઉતાર્યા છે.

ભારતીય જનતા પક્ષ દ્વારા ૬૦ જેટલા ધારાસભ્યો તેમજ અમદાવાદ શહેરના ચુનંદા કાર્યકરો અને રાજ્યમંત્રી મંડળના સભ્યોને સીધા પ્રચાર ઝુંબેશમાં ઉતારી દીધા છે.

આગામી ૩૬ કલાક સુધી દરેક બુથ પર આ આગેવાનો પહોંચી જશે. અને કાર્યકર્તાના ઘરે રોકાઈ તેમની પાસેથી બુથમાં પ્રચાર કરી પરિસ્થિતિનો તાગ મેળવી પોતાનો અહેવાલ પ્રદેશના આગેવાનોને સોંપશે.

ગઈકાલે વિધાનસભા પક્ષના દંડક શ્રી પંકજ દેસાઈ સે. ૨૨માં ડોર ટુ ડોર અભિયાનમાં જોડાયા હતા. આજે પણ કેટલાક ધારાસભ્યો જોડાયા હતા. સોમવારે બધાજ ધારાસભ્યો જેમને જવાબદારી સોંપવામાં આવી છે તે બધા આવી પહોંચશે.

ભાજપના સૂત્રોએ જણાવ્યું છે કે અમે હવે વોર્ડવાર સંમેલનોનું આયોજન હાથ ધરીશુ તેમજ જાહેર પ્રચારના અંતિમ તબક્કામાં સભાઓનું આયોજન કરાશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષે પણ ૫૫ જેટલા ધારાસભ્યોને ગાંધીનગર પહોંચી અને પ્રચાર કાર્યમાં જોતરાઈ જવાના આદેશો કર્યા છે એટલુ જ નહિ પ્રદેશ નેતાઓને પણ વિશેષ જવાબદારી પ્રચાર અભિયાનની આપવામાં આવી છે.

આગામી સપ્તાહમાં શહેરમાં પ્રચાર અભિયાન તેની ચરમસીમાએ પહોંચશે તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે. દરમ્યાન આજે શહેરમાં વાહનો પર માઈકો લગાવી પ્રચાર કાર્ય પણ વધુ સઘન બન્ને પક્ષોએ બનાવ્યું છે. આ ઉપરાંત લોક વિકાસ મંચ અને એનસીપી દ્વારા પણ પ્રચાર ઝુંબેશને આક્રમક બનાવવામાં આવી છે.

## મહેસાણા રૂટની તમામ બસો ગાંધીનગર ડેપોમાં અટકાવી દેવાઈ

### ૧૨ બસોને અટકાવી દેવાતા ૬૦૦ જેટલા મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો. મુસાફરો ખાનગી વાહનો પકડવાનો વારો આવ્યો

ગાંધીનગર તા ૧૬

પાટીદાર જેલ ભરો આંદોલન દરમિયાન આજે મહોસણા, સુરત અને અમદાવાદ સહીતના શહેરોમાં તોફાન થતા પરિસ્થિતિ તંગ બની હતી. મહેસાણામાં પણ તંગ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા ગાંધીનગર તેમજ અમદાવાદથી મહેસાણા જતી બસોને પણ અટકાવી દેવામાં આવી હતી. ગાંધીનગર ડેપોમાં પણ ઉપરથી આવતી ૧૨ જેટલી બસો અટકાવી દેવાઈ હતી. જયારે આ રૂટના ૬૦૦ જેટલા મુસાફરોએ ગાંધીનગરથી ખાનગી વાહનોમાં જવાનો વારો આવ્યો હતો.

હાર્દિક સહીતના પાટીદાર આંદોલનના નેતાઓને જેલમુક્ત કરવા પાટીદારો દ્વારા આજે જેલભરો આંદોલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જો કે આ દરમિયાન મહેસાણા સુરત તેમજ અમદાવાદ સહીતના શહેરોમાં તોફાનો થતા જનજીવન ડહોળાયુ હતુ. મહેસાણામાં પણ તોફાની તત્વો સક્રીય થતા વાતાવરણમાં તંગદીલી પ્રવર્તી હતી. જેના પરિણામે મહેસાણા રૂટમાં જતો વાહન વ્યવ્હાર પણ ખોરવાયો હતો. મહેસાણા તરફ જતી એસ ટી બસોને પણ અટકાવી દેવામાં આવી હતી. ગાંધીનગર ડેપોમાં પણ મહેસાણા રૂટ માટે ઉપરથી આવતી બસોને

● અનુસંધાન પાન-૭ પર

## આર.ટી.ઓ.ને વર્ષ દરમિયાન રૂપિયા ૧૧૩ કરોડની આવક

### વિવિધ પ્રકારના ટેક્ષ અન્વયે જ ૧૦૨ કરોડની આવક મેળવી

ગાંધીનગર તા ૧૬

આર ટી ઓ કચેરીએ ગત વર્ષ દરમિયાન રૂપિયા ૧૧૩.૩૭ કરોડની આવક કરી છે. પેપરલેસ આર ટી ઓ કચેરીમાં અરજદારોની રજુઆતનો ઝડપી નિકાલ આવે તે માટે એપોઈન્ટમેન્ટ પધ્ધતિનો પણ અમલ કરવામાં આવ્યો છે. જો કે છાશવારે સર્વર ડાઉન થવા ઉપરાંત ટેકનિકલ ક્ષતિઓ ઉદભવતા અરજદારોને પારવાર હાલાકી વેઠવી પડે છે. આર ટી ઓ કચેરીએ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન તોતિંગ આવક કરી છે. જેમાં ૧૦૨ કરોડની આવક માત્ર વિવિધ પ્રકારના ટેક્ષની છે.

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં અરજદારોની રજુઆતનો ઝડપી ઉકેલ આવે તે માટે પેપરલેસ કાર્યવાહીનો અભિગમ અપનાવાયો છે. આર ટી

● અનુસંધાન પાન-૭ પર

## મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં વધુ ૧૮૦૦ નવા મતદારોએ અરજી કરી

ગાંધીનગર, તા.૧૭

કેન્દ્રીય ચૂંટણી પંચે આજે સતત મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત પોલીંગ સ્ટેશન પર સતત હાજર રહેલા બી.એસ.ઓ.ને એક જ દિવસમાં ૧૮૦૦ જેટલી નામ દાખલ કરવાની અરજીઓ અને ૧૧૦૦ જેટલી નામ સુધારણાની અરજીઓ મળી છે.

૧૧ એપ્રિલથી હાથ ધરાયેલ મતદારી યાદી સુધારણા ઝુંબેશમાં આજે યોજાયેલ ખાસ સઘન ઝુંબેશનો દિવસ નિયત કરવામાં આવ્યો હતો.

આજે જિલ્લાના તમામ બુથો પર સવારના ૧૦ થી ૧ દરમિયાન બી.એસ.ઓ. તેના રજીસ્ટર સાથે હાજર રહ્યા હતા અને નવા નામ દાખલ કરવાના, નામ રદ કરવાના તેમજ નામમાં સુધારણા કરવાની અરજીઓ સ્વીકારી હતી.

૩૦ એપ્રિલ સુધી આ ઝુંબેશ ચાલશે. હવે બી.એસ.ઓ. તેમના નિર્દિષ્ટ વિસ્તારોમાં ફરી આ અંગેની કામગીરી હાથ ધરશે.

આજે જિલ્લામાં ખાસ ઝુંબેશ અંતર્ગત ૧૮૦૦થી વધુ અરજદારોએ નવા નામ દાખલ કરવાની અરજીઓ રજુ કરી હતી જયારે ૧૧૦૦ થી વધુ અરજીઓ કાર્ડમાં નામની સુધારણા માટેની રજુઆતો કરતા ફોર્મ ભરીને આવ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com